આવ્યા તારીખ: ૦૫/૦૧/૨૦૨૬
દાખલ તારીખ:૦૫/૦૧/૨૦૨૬
નિકાલ તારીખ: ૨૧/૦૪/૨૦૨૬
અવધિ વ.૦૦ મા.૦૩ દિ. ૧૬

**મહે. કડાણા ના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં., મુ. દિવડા કોલોની જી.મહીસાગર**

ફોજદારી કેસ ન: ૧૫/૨૦૨૬
આંક–૧૯

**ફરિયાદી:** **શ્રી સરકાર**

**વિરૂઘ્ઘ**

**આરોપી :** **વિશાલકુમાર હરીશભાઈ પટેલ , ઉ.વ. ૩૬**
**રહે. ઘોળી પોલીસ લાઈન રોડ, તા.લુણાવાડા**
**જી.મહીસાગર**

**ગુનો:** **પ્રોહી એકટ ની કલમ ૮૫(૧)બી મુજબ.**

સરકાર તરફે........... વિ. એ.પી.પી.શ્રી વી.આર.પંડયા
આરોપી તરફે........ વિ.વ.શ્રી બી.ડી.પટેલ

**–: ઠ રા વ :–**

(૧).. ***ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે,***

આ કામના આરોપીએ તા. ૨૭/૧૨/૨૦૨૫ ના કલાક ૧૮/૧૫ વાગ્યે મોજે સરસ્વા ચેકપોસ્ટ જાહેર રોડ ઉપર પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે જાહેરમાં દારુ પીધેલ હાલતમાં હીરો કંપનીની કાળા કલરની પેશન પ્રો મોટર સાઈકલ રજી.નં. જીજે.૩૫ એ.૬૯૦૪ ની પાછળ બેસી આવી જાહેર રસ્તા ઉપર મળી આવી પકડાઈ જઈ ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ ડીટવાસ પો. સ્ટે.માં આપેલી. ત્યારબાદ

ડીટવાસ પો.સ્ટે. ગુ.ર. નં.રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૩૨૫૦૨૭૯/૨૦૨૫ થી રજીસ્ટર કરી તેના આધારે તપાસ સોપવામાં આવેલી તથા તપાસ કરનાર અમલદારે હાલના કામેના ગુનાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પ્રોહી એકટ ની કલમ ૮૫(૧)બી મુજબનું ચાર્જશીટ સદર કોર્ટમાં કરેલ.

**(૨)..** આ કામના ત.ક. અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરતાં આરોપીને હાજર રહેવા સારૂ સમન્સ કાઢવામાં આવતા, આરોપી ને સમન્સ બજતાં,આરોપી નામ.કોર્ટમાં હાજર રહેલ અને ત્યારબાદ આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૨૩૦ મુજબ વિના મૂલ્યે મળવાપાત્ર તપાસના કાગળોની નકલ આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીની આંક : ૪ થી આરોપી વિરુધ્ધ મોટર વ્હીકલ એકટ ની કલમ ૧૮૫ તથા પ્રોહી એકટ ની કલમ ૮૫(૧) મુજબનુ તહોમતનામું ઘડી આંક: ૫ થી પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં, સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ફરીયાદ પક્ષ તરફે આગળ ચલાવવામાં આવેલી.

**(૩)..**આ કામમાં ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ::–</u>**

(૧) આંક : ૭ થી પંચ સાહેદ રણછોડભાઈ લાલાભાઈ કટારા ની જુબાની

(૨) આંક: ૮ થી આરોપીની શરીરસ્થીતીનુ પંચનામુ

(૩) આંક: ૯ થી પંચ સાહેદ રામાભા મહેશભાઈ ડામોર ની જુબાની

(૪) આંક : ૧૧ થી પો.સા. ફરીયાદી રાયજીભાઈ ભાયજીભાઈ ની જુબાની

(૫) આંક : ૧૨ થી ફરીયાદ

(૬) આંક : ૧૫ થી મેડી. સાહેદ ડો. જયરુતકુમાર રમેશભાઈ ડામોર ની જુબાની

(૭) આંક : ૧૬ થી ફોર્મ – એ

(૮) આંક : ૧૭ થી ફોર્મ–બી

(૯) આંક: ૧૮ થી પો.સા. ત.ક.અ. પ્રકાશભાઈ ગેમાભાઈ ની જુબાની

**(૪)..** ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયા નુ જાહેર કરતા આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૩૫૧ મુજબ વધારાનું નિવેદન લેવામા આવેલ છે જેમા તેમણે ફરીયાદપક્ષના પુરાવાઓ નો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

**(૫)..** ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુ દ્દા :-</u>**

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૧૨/૨૦૨૫ ના કલાક ૧૮/૧૫ વાગ્યે મોજે સરસ્વા ચેકપોસ્ટ જાહેર રોડ ઉપર પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે જાહેરમાં દારુ પીધેલ હાલતમાં હીરો કંપનીની કાળા કલરની પેશન પ્રો મોટર સાઈકલ રજી.નં. જીજે.૩૫ એ.૬૯૦૪ ની પાછળ બેસી આવી જાહેર રસ્તા ઉપર મળી આવી પકડાઈ જઈ પ્રોહી એકટ ની કલમ ૮૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો સદર કોર્ટની હકુમતમાં કરેલ છે ?

:૨: શું હુકમ ?

**(૬)..** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

**<u>-: નિ ર્ણ યો :-</u>**

**:૧: મુદ્દા નંબર : ૦૧ નકારમાં.**

:૨: મુદ્દા નંબર : ૦૨ આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો : -</u>**

**<u>મુદ્દા નં. ૧ :-</u>**

(૭) ફરીયાદપક્ષે આંક-૭ થી પંચ સાહેદ રણછોડભાઈ લાલાભાઈ કટારા તથા આંક-૯ થી બીજા પંચ સાહેદ રામાભાઈ રમેશભાઈ ડામોર નાઓ તેમના સોગંદ પરના

પુરાવામાં આંક–૮ થી રજુ આરોપીની શરીરસ્થીતીના પંચનામામા તેમની સહીઓ ઓળખી બતાવેલ છે .

આમ, સદર પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થનકારી જુબાની આપતા ન હોઈ વિ.એ.પી.પી. શ્રી નાઓ ઘ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષ ને મદદરુપ થાય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદોની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા તેમણે એક લખેલ તૈયાર કાગળમા સહી કરેલ તથા બીજા પંચ સાહેદે પણ તેમની રુબરુ સહી કરેલ તે સિવાય કઈ જાણતા ન હોવાની હકીકત કબુલ રાખેલ છે.

આમ, આંક: ૮ વાળુ પંચનામુ પંચ સાહેદોની હાજરીમાં થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી અને તેથી સદર પંચનામાની હકીકત માની શકાય નહિ કેમ કે સદર પંચનામુ કઈ બાબતનુ છે તે પણ આ પંચ સાહેદને ખબર ન હતી, તેઓની ફકત પંચનામામાં સહી લેવામાં આવેલ.આમ, ફરિયાદ પક્ષ આંક: ૮ વાળુ પંચનામુ પં ચ સાહેદોની જુબાનીથી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આંક: ૮ વાળા પં ચનામાની હકીકત પુરવાર માની શકાય નહી.

(૮) આ કામે આંક–૧૧ થી પો.સા. ફરીયાદી રાયજીભાઈ ભાયજીભાઈનાઓને તપાસવામા આવેલ છે જેઓ પોતાની સોગંદ પરની સરતપાસમા જણાવે છે કે તેઓતા.૨૭/૧૨/૨૫ ના રોજ ડીટવાસ પો.સ્ટેએ ફરજ બજાવતા હતા અને તે દિવસે તેઓ તથા પો.સ.ઈ ચૌધરી તથા એ.એસ.આઈ ભુપતભાઈ વીગેરે સ્ટાફના માણસો સરસવા ચેક પો.સ્ટ પર વાહન ચેકીગમા હતા તે વખતે પુનાવાડા તરફથી એક મો.સા બે ઈસમ સહીત આવેલુ તેઓ નશાની હાલતમા જણાતા નજીક માથી પંચના માણસો બોલાવી મો.સાનો નંબર જોતા જી જે ૩૫ એ ૬૯૦૪ અને ચાલકનુ નામ ધવલભાઈ અરવીદભાઈ પટેલ તથા પાછળ બેઠેલ વીશાલભાઈ હરીશભાઈ પટેલ હતો બૂન્ને ઈસમની આખો નશાથી લાલ હતી સમતોલ પણુ જાળવી શકતા ન હતા અને પાસ પરમીટ મળી આવેલ નહી તેથી વિશાલભાઈ

હરીશભાઈ પટેલ નાઓ વીરુધ્ધ હાલની તેમણે ફરીયાદ આપેલી તેમ જણાવી ફરીયાદમા પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક–૧૨ થી રજુ રાખી આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓ બનાવ વખતે શીયાળાની ઋતુ હોવાની તથા બનાવ વખતે તેઓ વાહન ચેકીગમા ફરજમા હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો ફરીયાદ સાથે રજુ રાખેલ ન હોવાની તથા તેમની ફરીયાદમા બનાવનો કોઈ સમય કે પંચોના કોઈ નામ જણાવેલ ન હોવાની તથા તેમણે દારુની વાસ પારખવાની કોઈ ટ્રેનીગ લીધેલ ન હોવાની તથા પો.સ.ઈ ચૌધરી તેમના ઉપરી અધીકારી હોવાની તથા તેમને પ્રોહી ડ્રાઈવ પણ આતી હોવાની તથા કોઈ પણ વ્યકિત થાક,ભય અને ભુખ ના કારણે તેમણે ફરીયાદ મા જણાવ્યા તેવા લક્ષણો હોઈ શકતા હોવાની હકીકત કબુલ રાખેલ છે જયારે પો.સ.ઈ ને સારી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપેલ હોય આવો કોઈ બનાવ બનેલ ન હોવાની હકીકત નો ઈન્કાર કરેલ છે.

આમ સદર ફરીયાદી કે જેઓ પોલીસ સાહેદ છે જેથી સ્વભાવિક છે કે પોતાની કામગીરીને સમર્થન આપવા પ્રયત્ન કરે. જેથી, માત્ર સદર સાહેદની જુબાની આધારે આરોપી વિરુધ્ધ નુ તહોમત પુરવાર માની શકાય નહી પરંતુ અન્ય સમર્થનકારી પુરાવાઓ સાથે વંચાણે લઈ શકાય તેમ છે.

(૯) આ કામે આંક–૧૫ થી મેડીકલ સાહેદ ડો. જયરુતકુમાર રમેશભાઇ ડામોર નાઓને તપાસવામા આવેલ છે જેઓ પોતાની સોગંદ પર ની સરતપાસમા જણાવે છે કે તેઓ તા.૨૭/૧૨/૨૫ ના રોજ ડીટવાસ સી.એચ.સી ખાતે મેડી.ઓફીસર તરીકે ફરજ પર હાજર હતા તે વખતે સાજના સાત ત્રીસ વાગ્યે પોલીસ કોન્સટેબલ રમણ ભાઈ બ.નં.૬૨૧ નાઓ સાથે એક ઈસમ વિશાલભાઈ હરીશભાઈ પટેલનાઓને તેમની સમક્ષ શારીરીક પરીક્ષણ અને લોહીનો નમુનો લેવા લાવેલા અને તે દરદીના શ્વાસમા આલ્કોહોલની વાસ આવતી હતી બોલી અસ્પષ્ટ અને આખની કીકી પહોળી હતી ચાલ અવ્યસ્થિત હતી અને તેમને તપાસ કરતા તેઓ એ આલ્કોહોલનો ભાગ લીધેલો અને આલ્કોહોલની અસર હેઠળ હતા અને તે દરદીને તેમણે હાથની કોણીના ઉપરના ભાગેથી ડીસ્ટીલ વોટર વડે સાફ કરી ડીસ્પોજેબલ

સીરીઝથી લોહી લીધેલ તથા તેને અગાઉથી તૈયાર ફીયાલમા ટાન્સફર કરેલ અને તેમા એન્ટી કોગ્યુલન્ટ અને પ્રીઝરવેટીવ નાખેલ હોય શીશીને હલાવી શીલ કરી ફોમ બી.સાથે પરીક્ષણ માટે એફ.એસ.એલ ગાધીનગર તરફ રવાના કરેલ તેમ જણાવી ફોર્મ એ પોતાના હસ્તાક્ષરમાં હોવાનુ જણાવી તેમા તેમની સહી તથા હોદાનો સિકકો ઓળખી બતાવી આંક-૧૬ થી રજુ રાખી તેમજ ફોર્મ -બી ની સ્થળપ્રત આંક-૧૭ થી રજુ રાખી આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં રુધીરમા આલ્કોહોલનુ પ્રમાણ અને દરદીનુ વજન સમપ્રમાણ મા ચલતુ હોવાની તથા ફીયાલ એક દવાખાના મળતા ઈન્જેકશન અને ખાલી શીશી હોવાની તથા તેનો ઉપયોગ સેમ્પલ લેવામા થતો હોવાની તથા તેમણે કાયદા મુજબ ૧ ટકો મરકયુરોક્રોમ કે જેન્શન વાયોલેટ નો ઉપયોગ હાથ સાફ કરવા કરેલ ન હોવાની તથા એન્ટી કોગયુલેન્ટ અને પ્રીજરવેટીવ તેમણે ઉમેરેલ ન હોવાની હકીકત કબુલ રાખી ઈ.ડી.ટી.એ ફીયાલ તૈયાર હોય છે તેમ જણાવી દરદી ચાલીને તેમની પાસે આવેલ અને સભાન હોવાની તથા પોલીસે તેમનુ કોઈ નીવેદન નોધેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. જયારે આ કામે કાયદા મુજબ આરોપીના લોહીનો નમુનો નીયત સમય મર્યાદામા પૂથ્થકકરણ સારુ પહોંચેલ ન હોવાની હકીકત નો ઈન્કાર કરેલ છે. વધુમા સમગ્ર પકિયા દરમ્યાન તેમણે આલ્કોહોલને ટચ કરેલ હોય એવું પ્રમાણ પત્ર આપેલ ન હોવાની તથા ઘણો લાબો સમય કોઈ લોહીનો નમુનો પડયો રહે તો તેની વેલ્યુ મા ફેરફાર થતો હોવાની હકીકત કબુલ રાખી તે કયા અને કેવી જગ્યાએ કેવા સં જોગોમા પડયો છે તેના ઉપર આધાર રાખે છે તેમ જણાવી આ કામે તેમણે કોઈ કહેવાતા લોહીના નમુનાને જાતે પાર્સલ કરેલ ન હોવાની તથા સી.એચ.સી મા સ્ટાફ નર્સ અને કંપાઉન્ડર હોવાની તથા પેકીંગની કામગીરી પટાવાળાએ કરેલી ને તેમણે તેમા સહી અને સિકકો મારેલાની તથા ટપાલ કરવાની કામગીરી તેમના સી.એચ.સી ના કાર્મચારી થકી બાકોર પોસ્ટમા થતી હોવાની તથા આ કહેવાતો નમુનો તા.૨૭/૧૨/૨૫ ના લીધેલ અને તા.૩૦/૧૨/૨૫ ના રોજ ફોરવર્ડ કરેલ પણ તે કઈ તારીખે ડીસ્પેચ કરેલ તે તેમને ખબર ન હોવાની તથા બજારમાં મળતી એટ્રોપીન,રુબરા પ્લસ જેવી દવાઓ નુ સેવન કરવાથી આખની કીકી પહોળી હોય શકતી હોવાની તથા કોઈ પણ વ્યકિત ભુખ, થાક, ભય અને ભાર ના કારણે ફોમ એ મા જણાવેલા લક્ષણો સભવી શકતા હોવાની હકીકત કબુલ રાખેલ છે જયારે

આંક.૧૫ વાળુ ફોમ એ પ્રોહીબીશન એકટ ૧૯૮૫ ના સુધારા મુજબ ન હોવાની હકીકત તેઓ કહી શકતા ન હોવાનુ જણાવેલ છે. વધુમા ફોમ એ તથા ફોમ બી મા ફીચાલ નંબર જણાવેલ ન હોવાની હકીકત કબુલ રાખી સીરચલ નંબર જણાવેલ છે તેમ જણાવી તે દિવસે એક કરતા વધુ સેમ્પલ લીધેલાની તથા કેસ બારી ઉપરથી કેસ નીકળચા બાદ દરદી તેમની પાસે આવતો હોવાની હકીકત કબુલ રાખી મીકેનીકલી કેસ પેપર્સ પરની માહીતી થી ફોમ એ તેમણે લખી નાખેલાની હકીકત નો ઈન્કાર કરેલ છે. જયારે આજદીન સુધી ફોમ સી તેમને મળેલ ન હોવાની તથા તેમણે ફોમ એ કે ફોમ બી મા પર્સનલ શીલ કે મોનોગામનો ઉપયોગ કરેલ ન હોવાની હકીકત કબુલ રાખી સંસ્થાનો સિકકો છે તેમ જણાવેલ છે. વધુમા કંપાઉન્ડરે સઘળી કામગીરી કરેલાની તથા આવો કોઈ નમુનો લીધેલ ન હોવાની તથા ખોટા કેસ પેપર્સ ઉપરથી ફોમ એ અને ફોમ બી તૈયાર કરેલ હોવાની તથા ખોટા કેસ પેપર્સ આધારે ખોટુ સર્ટી આપી ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

આમ, સદર સાહેદ પોતાની કામગીરીને સરતપાસમા સમર્થન આપવા પ્ર ચત્ન કરેલ છે પરંતુ મુંબઈ નશાબંધી (ડોકટરી તપાસ અને લોહી ની ચકાસણી) નીચમો ૧૯૫૯ ના નીચમો પૈકી નીચમ ૪ ની જોગવાઈ મુજબ સીરીંઝમા લીધેલ લોહી ગઠ્ઠા ન થઈ જાય અને સચવાઈ રહે તેવી દવાયુકત શીશીમા લઈ અને ગઠ્ઠા ન થઈ જાય અને સચવાઈ રહે તેવી દવા લોહી મા ભળી જાય તે માટે શીશી ને ખુબજ હલાવવાની જોગવાઈ થચેલ છે પરંતુ સદર મેડીકલ સાહેદની જુબાનીમા ફીચાલમા બ્લડ લીધા બાદ તેઓએ ફીચાલ ને ખુબજ હલાવેલ હોચ તેવી પણ કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમા સદર સાહેદ તેમની ઉલટતપાસમા ૧ ટકો મરકયુરોક્રોમ નો ઉપયોગ હાથ સાફ કરવા કરેલ ન હોવાની અને સેમ્પલ લેવા માટે નુ ફીચાલ અગાઉ થી તૈયાર હોવાની અને ફીચાલ તે દવાખાનામા મળતા ઈન્જેકશન અને ખાલી શીશી હોવાની હકીકત કબુલ રાખે છે. આમ, ફીચાલ કોના ધ્વારા તૈયાર કરવામા આવેલ અને ફીચાલ તૈયાર કરતી વખતે તે આલ્કોહોલીક પદાર્થ ને અડકયા વિના તૈયાર થચેલ હતુ કે કેમ તે બાબત કોઈ સ્પષ્ટતા સદર સાહેદ ની જુબાની મા નથી. આમ, સદર સાહેદ ની સમગ્ર જુબાની ધ્યાને લેતા ફીચાલ કોણે તૈયાર કરેલ હતુ અને ફીચાલમા વાપરેલ પ્ર

િઝર્વેટીવ તથા એન્ટી કોગ્યુલન્ટ આલ્કોહોલીક પદાર્થ ને સ્પર્ષ કર્યા વિનાનો હતો કે કેમ તથા મેડીકલ ઓફીસર ની હાજરી મા સદર ફીયાલ નીયમ મુજબ તૈયાર કરેલ હતી કે કેમ તથા લેવામા આવેલ લોહી ૫ સી.સી./એમ.એલ. લેવામા આવેલ હતુ કે કેમ તથા ફીયાલમા લોહી લીધા બાદ ફીયાલને રુલ ૪ ની જોગવાઈ મુજબ સારી રીતે હલાવવામા આવેલ હતુ કે કેમ તે બાબત સદર સાહેદ ની જુબાની મા સ્પષ્ટ રીતે રેકર્ડ પર આવતી નથી. વળી, રુધીરમાં લોહીનુ પ્રમાણ દર્શાવતુ પ્રમાણ પત્ર એટલે કે ફોર્મ –સી આ કામે રજુ થયેલ નથી.

(૧૦) આ કામે આંક ૧૮ થી સાહેદ પ્રકાશભાઇ ગેમાભાઇ નાઓને તપાસવામા આવેલ છે જેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે તેઓ તા.૨૭/૧૨/૨૫ ના રોજ ડીટવાસ પો.સ્ટેએ અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા અને તે દિવસે તે તથા પો.સ.ઈ ચૌધરી તથા સ્ટાફના માણસો સરસ્વા ચેક પોસ્ટ ઉપર વાહન ચેકીગમા હતા દરમ્યાન પુનાવાડા તરફથી એક મો.સા બે ઈસમો સાથે આવેલતેમને રોકી નશાની હાલતમા જણાતા પંચના માણસો બોલાવી સમજ કરી ગાડીમા બેઠેલ ઈસમ પૈકી એકનુ નામ પુછતા ધવલકુમાર અરવિદભાઈ પટેલ તથા બીજા ઈસમનુ નામ વિશાલભાઈ હરીશભાઈ પટેલ તોતડાતી જીભે જણાવેલ અને મોઢુ સુધી સુધાવી જોતા દારુ પીધાની વાસ આવતી હોય આખો નશાથી ઘેરાયેલ હોય અને સમતોલ પણુ જાળવી શકતા ન હતા તેથી તેની શરીર સ્થિતિનુ પંચનામુ કરેલ અને આરોપી વિરુધ્ધ કાયદેસર થવા રયજીભાઈ નાઓએ નાઓએ ફરીયાદ આપેલ બાદ આગળની તપાસ તેમના તરફ આવતા ફરીયાદ હકીકત અને પંચનામાથી વાકેફ થઈ આરોપી અંગે જરૂરી કાર્યવાહી કરાવડાવેલ તથા લાગતા વળગતા સાહેદોના નીવેદનો મેળવેલા અને આરોપી વિરુધ્ધ પુરતો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલુ તેમ જણાવી આંક–૧૨ ની ફરીયાદમા ફરીયાદી તથા પી.એસ.ઓ.ની સહી ઓળખી બતવી તેના આધારે તેમણે તપાસ શરુ કરેલ તેમ જણાવી આક–૮ ના પંચનામામા પંચોની તથા પો.સ.ઈની સહી ઓળખી બતાવી આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા તેમણે જયારે ચાર્જશીટ કરેલ ત્યારે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ મુજબનો ગુનો કરયાનો કોઇ પુરાવો

ન હોવાની હકીકત નો ઈન્કાર કરી તેઓએ જયારે ચાર્જશીટ કરેલ ત્યારે તેમની પાસે ફોર્મ સી ન હોવાની તથા રેડ વખતે સરકારી વાહન લઈ ને ગયેલાની તથા રેડ વખતે સરકારી વાહન ચલાવનાર લોગબુક મેન્ટેન કરતા હોવાની તથા આ કામે લોગબુક રજુ કરેલ ન હોવાની તથા બનાવ વખતે તેઓ ફરજ ઉપર હાજર હતા તે અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ ન હોવાની તથા પંચો સ્થાનીક ન હોવાની તથા કહેવાતા બનાવ વાળી જગ્યા એ વાહનો અવરજવર કરતા હોવાની તથા તેમણે આલ્કોહોલ ની વાસ પારખવાની સ્પેશ્યલ તાલીમ લીધેલ હોવાની હકીકત કબુલ રાખેલ છે જયારે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ફરીયાદ આપી ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

આમ, સદર સાહેદ ની સમગ્ર જુબાની ઘ્યાને લેવામા આવે તો ફરીયાદ અને આરોપીની શરીરસ્થીતી ના પંચનામાને સમર્થનકારી જુબાની આપે છે જોકે સ્વતં ત્ર પંચ સાહેદો કોર્ટ સમક્ષ ની જુબાની મા આંક ૮ નુ પંચનામુ તેમના લખાવ્યાનુસાર લખેલ હોવાનુ કે તેમની હાજરીમા થયેલ હોવાની હકીકત ને કોઈ સમર્થન આપેલ નથી. વળી , આ કામની બનાવવાળી જગ્યા એ જે જાહેર રોડ છે અને રાહદારીઓ અને વાહનોની અવરજવર વાળી જગ્યા છે તેમ છતા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદો ના કોઈ નીવેદન આ કામે ત.ક.અ. ઘ્વારા લેવામા આવેલ નથી. વળી, આ કામે વધુમા સદર સાહેદ કે જેઓ આ કામના તપાસ કરનાર અમલદાર છે જેથી સ્વભાવિક છે કે પોતાની તપાસને સમર્થન આપવા પ્રયત્ન કરે. જેથી માત્ર સદર સાહેદની જુબાની આધારે આરોપી વિરુઘ્ધ નુ તહોમત પુરવાર માની શકાય તેમ નથી. પરંતુ તેને અન્ય સમર્થનકારી પુરાવાઓ સાથે વંચાણે લઈ શકાય તેમ છે.

(૧૧) આમ, આ કામે ફરીયાદપક્ષ નો સમગ્ર પુરાવો ઘ્યાને લેતા સ્વતંત્ર પં ચ સાહેદો આંક ૮ ના આરોપીની શરીર સ્થીતી ના પંચનામાની હકીકત ને કોઈ સમર્થન કોર્ટ સમક્ષ ની જુબાની મા આપતા નથી . વધુમા આ કામે રુધીરમા આલ્કોહોલનુ પ્રમાણ દર્શાવતુ પ્રમાણપત્ર એટલે કે ફોર્મ –સી રજુ થયેલ હોય તેવુ

પણ બનેલ નથી. વળી, આરોપીનુ બ્લડ સેમ્પલ લેતી વખતે મુંબઈ નશાબંધી ( ડોકટરી તપાસ અને લોહીની ચકાસણી) નીયમો ૧૯૫૯ ના નીયમ ૪ ની જોગવાઈ તે મેન્ડેટરી જોગવાઈ નુ ચુસ્ત રીતે પાલન થયેલ નથી જેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. જેથી. મુદૃા નં. ૧ નો નિર્ણય નકાર મા આપી મુદૃા નં. ૨ નો નિર્ણય આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

- આ કામના આરોપી **વિશાલકુમાર હરીશભાઈ પટેલ , ઉ.વ. ૩૬ રહે. ધોળી પોલીસ લાઈન રોડ, તા.લુણાવાડા, જી.મહીસાગર** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૭૧ મુજબ પ્રોહી એકટ ની કલમ ૮૫(૧) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૧ ની જોગવાઈ ને આધિન અપીલ પીરીયડના સધ્ધર જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજ રોજ તા. ૨૧ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી અને સહી કરીને જાહેર કર્યો.

(જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહીત)
સ્થળ :- દિવડા કોલોની.
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ફ.ક.
કડાણા,જી.મહીસાગર
જજ કોડ નં.જીજે ૦૧૧૮૫

//સેલ્ફ//